સમયમર્યાદા

તાત્કાલિક

નં.એલએક્યુ કેસ નં.૨૧/૨૦૨૦/,૨૨/૨૦૨૦,૨/૨૦૨૧,૪/૨૦૨૧, /વશી-૧૯૧૫/૨૦૨૨

બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારીની કચેરી,
આપત્તી વ્યવસ્થાન બિલ્ડીંગ, પહેલો માળ,
જીલ્લા સેવા સદન, સુભાષબ્રીજ સર્કલ, અમદાવાદ

તા.૨૨/૦૮/૨૦૨૨

પ્રતિ,
જનરલ મનેજરશ્રી,(કોર્પોરેટ પ્લાનીંગ)
ગુજરાત મેટ્રોરેલ કોર્પોરેશન લી.
કર્મયોગી ભવન, સેક્ટર-૧૦એ, ગાંધીનગર

GMRC LTD.
KARMYOGI BHAVAN, G'NAGAR-382010
INWARD NO.: G/8525
DATE: 26/08/2022

વિષય:- જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસનમાં અધિનિયમમાં વાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ હેઠળ સંપાદીત જમીનની બજાર કિંમત નક્કી કરવા બાબત.

સંદર્ભ:-સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ નં. એલએક્યુ-૧૨૧૯-૧૮૫૮-ધ, તા.૧૦-૮-૨૦૨૨

ઉપર્યુક્ત વિષય પરત્વે સંદર્ભમાં જણાવેલ મહેસુલ વિભાગના તા. ૧૦/૦૮/૨૦૨૨ના ઠરાવની નકલ આ સાથે સામેલ રાખતા જણાવવાનું કે ઉક્ત ઠરાવથી સરકારશ્રીતરફથી સ્પષ્ટ સુચના આપવામાં આવેલ છે કે જમીન સંપાદન અધિનિયમ-૨૦૧૩ની કલમ-૨૬ થી ૩૦ માં વળતર સબંધી જે જોગવાઈ કરવામાં આવેલ છે તે મુજબ ફરજીયાત પણે કલેક્ટરશ્રીએ પ્રવર્તમાન બજાર કિંમત આધારે જે કિંમત નક્કી કરવાની રહે છે.

વધુમાં ગુજરાત સુધારો-૨૦૧૬ની કલમ-૨૩ (ક) થી જમીન સંપાદનના કેસોમાં સંમતિ એવોર્ડ જાહેરમાં કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે જે મુજબ મહેસુલ વિભાગના તા. ૪/૦૪/૨૦૧૮ ના ઠરાવથી સંમતિ એવોર્ડ કેવી રીતે જાહેર કરવો તેની જોગવાઈ કરવામાં આવેલ છે. સદરહુ ઠરાવમાં થયેલ જોગવાઈ મુજબ સંમતિ એવોર્ડના કિસ્સાઓમાં બજાર કિંમત ઉપર ૨૫ % વધારાનું વળતર પ્રોત્સાહક તરીકે આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે આમ છતાં જે કિસ્સામાં સંપાદક સંસ્થાએ ઉપરોક્ત ઠરાવની જોગવાઈની ઉપરવટ જઈને સંમતિ કિંમત નક્કી કરેલ હોય તે બાબતને ગંભીર ગણેલ છે.

આપના તરફથી નીચે જણાવેલ જમીન સંપાદનના કેસોમાં અસરગ્રસ્ત કુટુંબ તરીકે રોકડ રકમના ભાગરૂપે આર એન્ડ આરના પચાસ ટકા રકમ ચુકવવામા સાથે સંમત કરેલ છે. જે

બાબત સરકારશ્રીની ઉક્ત ઠરાવ સાથે સુસંગત થતી નથી.આ બાબતે આપને અત્રેના સમાન તા. ૨૯/૦૬/૨૦૨૨ ની પત્રથી વિગતે જણાવેલ છે.

| અનુ નં. | એલએક્યુ કેસ નં. | મેટ્રો સ્ટેશનનુા નામ | અધિનિયમની કલમ-૨૩ મુજબ એવોર્ડ જાહેર કરવાની આખરી તારીખ |
|---|---|---|---|
| ૧ | ૨૨/૨૦૨૦ | કાંકરીયા ઈસ્ટ અં.ગ્રા.મેટ્રો સ્ટેશન | તા.૨૬-૧૨-૨૦૨૨ |
| ૨ | ૨૧/૨૦૨૦ | મોટેરા મેટ્રો સ્ટેશન | તા.૨૬-૧૨-૨૦૨૨ |
| ૩ | ૨/૨૦૨૧ | થલતેજ મેટ્રો સ્ટેશન | તા.૨૯-૧૨-૨૦૨૨ |
| ૪ | ૪/૨૦૨૧ | સ્ટેડીયમ મેટ્રો સ્ટેશન | તા.૧૬-૧-૨૦૨૩ |

સબબ વિભાગના તા. ૧૦/૦૮/૨૦૨૨ના ઠરાવની જોગવાઈને અનુલક્ષીને ઘટીત કાર્યવાહી હાથ ધરી અત્રે સત્વરે તા. ૦૪/૦૪/૨૦૧૮ ઠરાવ મુજબની સંમતિ કરારની દરખાસ્તો મોકલી આપવા વિનંતી છે. જેથી અધિનિયમની જોગવાઈ મુજબ નિયત સમય મર્યાદામાં અત્રેથી સંમતિ એવોર્ડ જાહેર કરી શકાય. જો આપના તરફથી આ અંગે સમયમર્યાદામાં કાર્યવાહી કરવામાં નહી આવે તો સદર કેસોમાં રેગ્યુલર એવોર્ડ જાહેર કરવાની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

બિડાણઃ ઉપર મુજબ

**બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારી,**
**અમદાવાદ**

નકલ સવિનય રવાનાઃ-સેકશન અધિકારી, "ઘ" શાખા, મહેસુલ વિભાગ, સચિવાલય ગાંધીનગર તરફ જાણ થવા વિનંતી સહ.

જનરલ-577

જમીન સંપાદન, પુન:સ્થાપન અને પુનવસવાટ અધિનિયમમાં વાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ હેઠળ સંપાદિત જમીનની બજાર કિંમત નક્કી કરવા બાબત.

મહેસૂલ વિભાગ,
ગુજરાત સરકાર,
**પરિપત્ર નં. એલ.એ.ક્યુ.-૧૨૧૯-૧૮૫૮-ઘ**
સચિવાલય,ગાંધીનગર
તા. .૦૫.૨૦૨૨ 10 AUG 2022

**સંદર્ભ:** (૧) મહેસૂલ વિભાગનો તા:૦૪.૦૪.૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: એલએક્યુ-૨૨-૨૦૧૪-૫૪-ઘ
(૨) મહેસૂલ વિભાગનો તા:૧૧.૦૯.૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: એલએક્યુ-૨૦૧૮-૧૯૭૧-ઘ

**પરિપત્ર:**

જમીન સંપાદન, પુન:સ્થાપન અને પુનવસવાટ અધિનિયમમાં વાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ની કલમ-૨૬ થી ૩૦માં વળતર સબંધી જોગવાઇ કરવામાં આવેલ છે તથા કલમ-૨૬માં થયેલ જોગવાઇઓ મુજબ કોઇપણ વિસ્તારમાં જમીન સંપાદનની કાર્યવાહી શરૂ કરતાં પહેલા કલેકટરએ ફરજિયાત પણે તેવા વિસ્તારમાં પ્રવર્તમાન બજારકિંમતના આધારે જમીનની બજારકિંમત સુધારવા અને અધતન કરવા માટેના તમામ પગલાં લેવાની પણ જોગવાઇ છે.

વધુમાં જમીન સંપાદન, પુન:સ્થાપન અને પુનવસવાટ અધિનિયમમાં વાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩માં ગુજરાત સુધારો-૨૦૧૬ ની કલમ-૨૩(ક)થી જમીન સંપાદનના કેસોમાં સંમતિ એવોર્ડ જાહેર કરી કબજા લેવાની જોગવાઇ અમલમાં મુકવામાં આવેલ છે. ગુજરાત સુધારા-૨૦૧૬ ની કલમ-૨૩(ક)ની જોગવાઇઓ ધ્યાને લઇ, સંદર્ભ:(૧) આગળ દર્શાવેલ તા.૦૪/૦૪/૨૦૧૮ના ઠરાવથી સંમતિ એવોર્ડ કેવી રીતે જાહેર કરવા તેની જોગવાઇ કરવામાં આવેલ છે. સદરહુ ઠરાવમાં થયેલ જોગવાઇઓ મુજબ સંમતિ એવોર્ડના કિસ્સાઓમાં બજાર કિંમત ઉપર ૨૫% વધારાનું વળતર પ્રોત્સાહક રકમ તરીકે આપવાની જોગવાઇ કરવામાં આવેલ છે. વધુમાં આ ઠરાવમાં જમીન સંપાદન અધિનિમય-૨૦૧૩ની કલમ-૨૬ની જોગવાઇઓ ધ્યાને લઇને જ બજારકિંમત નક્કી કરવાં તથા વળતર નક્કી કરવામાં કોઇ અતિશયોકિત ન થાય તેવી જોગવાઇ કરેલ છે. વધુમાં સંદર્ભ: (૨) આગળ દર્શાવેલ ઠરાવથી સંમતિ એવોર્ડના કિસ્સામાં જંત્રી કિંમત-૨૦૧૧ને "Indexation Formula" લાગું પાડીને વળતરની રકમ નક્કી કરવાની સુચના આપવામાં આવેલ છે. આમ છતા, કેટલીક સંપાદક સંસ્થાઓ જમીન સંપાદન અધિનિયમ-૨૦૧૩ની કલમ-૨૬ થી ૩૦માં થયેલ વળતર સબંધી જોગવાઇઓ તથા તા:૦૪.૦૪.૨૦૧૮ના ઠરાવની જોગવાઇઓની ઉપરવટ જઇ ખેડૂત ખાતેદારો સાથે ખાનગી વાટાઘાટો કરી સંમતિ કિંમતો નક્કી કરતી હોવાનું અત્રેના ધ્યાને આવેલ છે. જે ઘણી ગંભીર બાબત છે.

Scanned by CamScanner

જમીન સંપાદન અધિનિયમ-૨૦૧૩ ની કલમ-૨૬ થી ૩૦ હેઠળ જે વળતર સબંધી જોગવાઇઓ કરવામાં આવેલ છે. તે મુજબનો જ એવોર્ડ સંમતિ એવોર્ડમાં જાહેર કરવાનો થાય છે ફક્ત બજાર કિંમત ઉપર ૨૫% વધારાની રકમ સંમતિ એવોર્ડમાં ચૂકવી આપવાની થાય છે. આથી, સંમતિ એવોર્ડના કિસ્સાઓમાં બજાર કિંમત નક્કી કરતાં સમયે જમીન સંપાદન અધિનિયમ-૨૦૧૩ની કલમ-૨૬ માં કરવામાં આવેલ જોગવાઇ મુજબ જ બજાર કિંમત નક્કી થાય. તેનો ચુસ્તપણે અમલ કરવા તમામ કલેક્ટરશ્રીઓને જણાવવામાં આવે છે. આમ છતાં આ જોગવાઇઓનો ભંગ થયેલ જણાશે તો ભંગ કરનાર અધિકારીશ્રીની અંગત જવાબદારી રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના નામે અને તેમના હુકમથી,

(નિરવ ઠાકોર)
સેક્શન અધિકારી,
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર

પ્રતિ,

1. મહેસૂલ તપાસણી કમીશ્નરશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
2. સર્વે કલેક્ટરશ્રી (તાબાની તમામ કચેરીઓના અધિકારીશ્રીઓ/ કર્મચારીશ્રીઓના ધ્યાને મુકવા વિનંતી સહ.)
3. અધિક કલેક્ટરશ્રી (સિંચાઇ) ગાંધીનગર/રાજકોટ/ વડોદરા
4. અધિક કલેક્ટરશ્રી (નર્મદા યોજના) વડોદરા, અમદાવાદ.
5. સર્વે પ્રાંત અધિકારીશ્રી/ સર્વે ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીઓ
6. તમામ ખાસ ફરજ પરના અધિકારીશ્રી (જી.આઇ.ડી.સી.અમદાવાદ, સુરત સહિત)
7. ઘ, ચ તથા એવોર્ડ શાખા, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
8. સિલેક્ટ ફાઇલ.

Scanned by CamS